# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી–૩૯૬૪૫૦

## પરિપત્ર

**પ્રિન્ટીંગની કામગીરી માટે આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્રેસ પેનલના ભાવો માન્ય રાખવા બાબત...**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળ ફરજ બજાવતાં તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓને જણાવવાનું કે, આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઈ–ટેન્ડરીંગ મારફતે ભાવપત્રકો મંગાવીને તા.૧૬/૧૨/૨૦૧૮ થી ૩૦/૧૧/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન પ્રિન્ટીંગની કામગીરી માટે છ પાર્ટીઓ (પ્રિન્ટર્સ)ની એક પ્રેસ પેનલ તૈયાર કરવામાં આવેલ છે.

આણંદની પ્રેસ પેનલના સ્પર્ધાત્મક, વ્યાજબી અને એકસમાન ભાવોથી આપણી યુનિવર્સિટીના વિવિધ વિભાગો/કેન્દ્રો વર્ષ દરમ્યાન પ્રિન્ટીંગની કામગીરી કરાવી શકે તે માટે નવસારીની પ્રકાશન સમિતિના સભ્યશ્રીઓની ભલામણના આધારે માન.કુલપતિશ્રીએ આ કચેરીની તા.૧૭/૧૨/૨૦૧૮ની નોંધ પર મંજૂરી આપેલ છે.

આમ યુનિવર્સિટી હેઠળ કાર્યરત વિવિધ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ કેન્દ્રો જરૂર પડયે આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્રેસ પેનલમાં સમાવિષ્ટ છ પાર્ટીઓ પૈકી કોઈપણ પાર્ટી/પાર્ટીઓ પાસેથી પોતાના વિભાગની પ્રિન્ટીંગની કામગીરી કરાવી શકશે. આણંદની પ્રેસ પેનલના ભાવોની નકલ નવસારી કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ પર તા.૧૭/૧૨/૨૦૧૮ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જે આ પરિપત્રની તારીખથી **તા.૩૦/૧૧/૨૦૧૯** સુધી જ માન્ય ગણાશે. પ્રિન્ટીંગની કામગીરી માટે થનાર ખર્ચની મંજૂરી જે તે વિભાગે યુનિવર્સિટીના નિયમાનુસાર સક્ષમ અધિકારી પાસેથી લેવાની રહેશે.

વધુમાં, પ્રેસ પેનલની શરત નં. ૨૧ મુજબ પ્રેસ પેનલની પાર્ટી દ્વારા જે તે કચેરીમાં બીલ રજૂ કરવામાં આવે ત્યારે બે ટકા લેખે ઈન્કમટેક્ષ અને બે ટકા લેખે જીએસટી ટીડીએસ કાપવાનો રહેશે.

ઉપર્યુકત પરિપત્ર યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૨/વેબ–૫૮/૨૦૧૮
નવસારી તા.૧૭/૧૨/૨૦૧૮

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

**નકલ સવિનય રવાના પ્રતિ :**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.

**નકલ જયભારત સહ રવાના પ્રતિ :**

૧. યુનિવર્સિટી હેઠળની તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓ તરફ જાણ તથા યોગ્ય થવા સારું.
૨. આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્રેસ પેનલમાં સમાવિષ્ટ છ પાર્ટીઓ (પ્રિન્ટર્સ) તરફ જાણ તથા ઘટતું થવા સારું.